# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને વિકાસના નવ ક્ષેત્રોમાં પોતાને નિષ્ઠાપૂર્વક સમર્પિત કરવા વિનંતી કરી.
2) પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં રાજકીય પક્ષોનો ઝંઝાવાતી પ્રચાર.
3) બિહારમાં નવી સરકારની રચના બાદ, મંત્રીઓને ખાતાની ફાળવણી કરવામાં આવી.
4) પશ્ચિમ એશિયા કટોકટી વચ્ચે સરકારે LPGનો 100 ટકા ઘરેલુ પુરવઠો સુનિશ્ચિત કર્યો.
5) CBSE એ ધોરણ-10 બોર્ડ પરીક્ષાના પરિણામ જાહેર કર્યા.
6) IPL ક્રિકેટમાં, આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને લખનૌ સુપર જાયન્ટ્સ- વચ્ચે મુકાબલો.

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# REV. PM-KARNATAKA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને વિકસિત ભારતને વાસ્તવિકતા બનાવવા માટે વિકાસના નવ ક્ષેત્રોમાં નિષ્ઠાપૂર્વક પોતાને સમર્પિત કરવા વિનંતી કરી છે. આજે કર્ણાટકના માંડ્યા નજીક આદિચુંચનગિરી મઠમાં ગુરુ ભૈરવૈક્ય મંદિરને દર્શન માટે ખુલ્લુ મુકતા પ્રધાનમંત્રીએ કહ્યું કે સમાજ માટે પોતાનું જીવન સમર્પિત કરનારા ઋષિઓ અને સંતો પાસે સમાજ માટે આ દ્રષ્ટિ હતી. પ્રધાનમંત્રીએ સ્વદેશી વસ્તુઓ અને ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપીને સ્વદેશી ચળવળને પ્રોત્સાહન આપવા પણ હાકલ કરી.

(BYTE : PM--NINE-THINGS—KARNATKA)

# KOLKATA-AMIT SHAH

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે જો પશ્ચિમ બંગાળમાં તેમની સરકાર સત્તામાં આવશે તો ભાજપ ચાના બગીચાના કામદારોના કલ્યાણનું ધ્યાન રાખશે. ઉત્તર બંગાળના જલપાઈગુડી જિલ્લાના રાજગંજ અને ફલકટામાં જાહેર સભાઓને સંબોધતા અમિત શાહે ખાતરી આપી હતી કે ચાના બગીચાના કામદારોને જમીનના અધિકારો આપવામાં આવશે અને તેમના પગારમાં વધારો કરાશે.

(BYTE : **AMIT-SHAH-ON-CHAI-BAGHAAN)**

બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસના વડા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઉત્તર બંગાળના ઉત્તર દિનાજપુર જિલ્લાના ઇસ્લામપુરમાં એક જાહેર રેલીને સંબોધિત કરી. ભાજપના આરોપો પર નિશાન સાધતા તેમણે ઉલ્લેખ કર્યો કે પશ્ચિમ બંગાળની વર્તમાન રાજ્ય સરકાર બંધ ચાના બગીચાઓના કામદારોના કલ્યાણનું ધ્યાન રાખે છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ખેડૂતો, યુવાનો, મહિલાઓ માટે કલ્યાણકારી યોજનાઓ લાગુ કરવામાં આવી છે.

# TN-CAMPAIGNING

તમિલનાડુમાં, 23 એપ્રિલે યોજાનાર મતદાન માટે તૈયારીઓ ચાલી રહી છે. ભાજપના ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ કે. અન્નામલાઈ સિંગનલ્લુરમાં પ્રચાર કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ડીએમકે અને કોંગ્રેસ લોકોના કલ્યાણ વિરુદ્ધ સાથે મળીને કામ કરી રહ્યા છે. ભૂતપૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમે આજે સંસદના ખાસ સત્ર માટે ભાજપને દોષી ઠેરવ્યો. ડીએમકે યુવા પાંખના નેતા અને નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિન ઓટ્ટાપિદરમમાં પ્રચાર કરી રહ્યા છે. એનટીકે નેતા સીમન અલાંગુડીમાં જ્યારે ટીવીકે નેતા અભિનેતા વિજય ચેન્નાઈમાં પ્રચાર કરી રહ્યા છે.

# EC-VOTER INFORMATION SLIPS

ચૂંટણી પંચે તમિલનાડુ અને પશ્ચિમ બંગાળના પ્રથમ તબક્કાની વિધાનસભા ચૂંટણી માટે મતદાર માહિતી સ્લિપ-VISનું વિતરણ શરૂ કર્યું છે. એક નિવેદનમાં, પંચે જણાવ્યું હતું કે VIS માં મતદારોની વિગતો, મતદાન મથકનું સ્થાન, મતદાનની તારીખ અને સમય અને મતદાન મથકના નકશાનો સ્નેપશોટ તેમજ મતદાનના દિવસે મતદારોને માર્ગદર્શન આપવા માટે શું કરવું અને શું ન કરવું તેની યાદી સામેલ છે. તેમાં એક QR કોડ પણ છે જે મતદારોને મતદાર વિગતો શોધવા અને મેચ કરવામાં મદદ કરે છે.

# BIHAR CABINET-PORTFOLIO ALLOCATION

બિહારમાં નવી સરકારની રચના બાદ, મંત્રીઓને ખાતાની ફાળવણી કરવામાં આવી છે. કેબિનેટ સચિવાલય વિભાગ દ્વારા જારી કરાયેલા જાહેરનામા અનુસાર, મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને સામાન્ય વહીવટ, ગૃહ, તકેદારી અને કેબિનેટ સચિવાલય સહિત 29 વિભાગોની જવાબદારી સોંપવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર ચૌધરીને સંસદીય બાબતો, જળ સંસાધન અને માહિતી અને જનસંપર્ક સહિત 10 વિભાગો સોંપવામાં આવ્યા છે. વધુમાં, નાયબ મુખ્યમંત્રી બિજેન્દ્ર પ્રસાદ યાદવ નાણાં, ઉર્જા અને દારૂબંધી સહિત આઠ વિભાગોનું સંચાલન કરશે.

# GOVT-WEST ASIA BRIEF

પશ્ચિમ એશિયા કટોકટી દરમિયાન વિક્ષેપ વચ્ચે સરકારે દેશભરમાં LPGનો 100 ટકા ઘરેલુ પુરવઠો સુનિશ્ચિત કર્યો છે. આજે નવી દિલ્હીમાં એક આંતર-મંત્રીસ્તરીય બ્રીફિંગ દરમિયાન, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ, સુજાતા શર્માએ જણાવ્યું હતું કે દેશભરમાં ઘરેલુ LPG પુરવઠો સામાન્ય રહ્યો છે. તેમણે માહિતી આપી હતી કે LPG સિલિન્ડરોનું ઓનલાઈન બુકિંગ 98 ટકા સુધી પહોંચી ગયું છે અને તેમાંથી 93 ટકાથી વધુ OTP-આધારિત પ્રમાણીકરણ દ્વારા પહોંચાડવામાં આવ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# GUJARAT-JAG VIKRAM

ભારતીય LPG જહાજ MV જગ વિક્રમ આજે ગુજરાતના કચ્છમાં દીનદયાળ બંદરે સફળતાપૂર્વક પહોંચ્યું. 20 હજાર 400 મેટ્રિક ટન LPG વહન કરતું આ જહાજ દીનદયાળ બંદરે ઓઇલ જેટી નંબર 1 પર પહોંચ્યું. આ આગમન મહત્વપૂર્ણ છે કારણ કે અમેરિકા અને ઈરાન વચ્ચે 14 દિવસના યુદ્ધવિરામની જાહેરાત પછી હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થનાર પ્રથમ ભારતીય જહાજ છે.

# J&K- AMARNATH YATRA

દક્ષિણ કાશ્મીર હિમાલયમાં વાર્ષિક અમરનાથ યાત્રા માટે નોંધણી આજથી શરૂ થઈ ગઈ છે, જેમાં નોંધણી માટે જમ્મુમાં સ્થાપિત કાઉન્ટર પર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. આકાશવાણી જમ્મુના સંવાદદાતાના અહેવાલ મુજબ, યાત્રાળુઓ નોંધણી કરાવવા માટે આવી રહ્યા હોવાથી ભારે ભીડ છે.

નોંધણી ઓનલાઇન અને ઓફલાઇન બંને રીતે શરૂ કરી શકાય છે. 57 દિવસની આ યાત્રા 3 જુલાઈના રોજ અનંતનાગમાં પરંપરાગત 48 કિલોમીટર લાંબા નુનવાન-પહલગામ રૂટ અને ગાંદરબલમાં 14 કિલોમીટર ટૂંકા પરંતુ ઢાળવાળા બાલતાલ રૂટથી શરૂ થશે અને ૨૮ ઓગસ્ટના રોજ રક્ષાબંધન પર સમાપ્ત થશે.

# REV. CBSE - 10TH RESULTS

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ-CBSE એ 2025-26 શૈક્ષણિક સત્ર માટે ધોરણ 10 બોર્ડ પરીક્ષાના પરિણામો જાહેર કર્યા છે. CBSE એ જણાવ્યું હતું કે કુલ પાસ ટકાવારી 93.70 ટકા છે, જે ગયા વર્ષની સરખામણીમાં 0.04 ટકાનો વધારો દર્શાવે છે. આ વર્ષે છોકરીઓએ 94.99 ટકા પાસ ટકાવારી સાથે છોકરાઓને પાછળ છોડી દીધા છે. દરમિયાન, 92.69 ટકા છોકરાઓ અને 87.50 ટકા ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરી છે. ત્રિવેન્દ્રમ અને વિજયવાડા પ્રદેશોમાં સૌથી વધુ પાસ ટકાવારી 99.79 નોંધાઈ છે, ત્યારબાદ ચેન્નાઈમાં 99.58 ટકા પાસ ટકાવારી નોંધાઈ છે. જ્યારે ગુવાહાટી ક્ષેત્રમાં સૌથી ઓછું 87.50 ટકા પરિણામ નોંધાયું છે.

# CRICKET – IPL

IPL ક્રિકેટમાં, આજે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ-RCB અને લખનૌ સુપર જાયન્ટ્સ-LSG વચ્ચે મેચ રમાઈ રહી છે. RCBએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે LSGએ 3 ઓવરમાં વિના વિકેટે 22 રન બનાવ્યા છે.

# INDIA OPPOSES UNSC REFORM

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ-UNSCમાં કાયમી સભ્યપદની "દ્વિ-સ્તરીય" પ્રણાલી બનાવવાનો સખત વિરોધ કર્યો છે, જ્યારે G4 જૂથ દ્વારા નવા કાયમી સભ્યો માટે વીટો પાવરને 15 વર્ષ માટે મુલતવી રાખવાના પ્રસ્તાવને સમર્થન આપ્યું છે. સુરક્ષા પરિષદ સુધારાઓ પર આંતર-સરકારી વાટાઘાટો દરમિયાન, ભારતના કાયમી પ્રતિનિધિ રાજદૂત પી. હરીશે ભારપૂર્વક જણાવ્યું હતું કે પરિષદના કોઈપણ અર્થપૂર્ણ સુધારા માટે વીટો પાવર સાથે કાયમી શ્રેણીનો વિસ્તાર કરવો જરૂરી છે.

ભારતે જણાવ્યું હતું કે 80 વર્ષ પહેલાં રચાયેલું માળખું હવે વર્તમાન વૈશ્વિક વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતું નથી.

# RUSSIA - UKRAINE ATTACK

રશિયાએ યુક્રેન પર મોટા પાયે હુમલો કર્યો, જેમાં હજારો ડ્રોન અને ત્રણ બેલિસ્ટિક મિસાઇલો તૈનાત કરી દક્ષિણ બંદરને નિશાન બનાવવામાં આવ્યું. યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું હતું કે હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે અને સાત અન્ય ઘાયલ થયા છે.

યુક્રેન વાયુસેનાએ જણાવ્યું હતું કે રાત્રે મિસાઇલો સાથે 324 ડ્રોન છોડવામાં આવ્યા હતા. તેના હવાઈ સંરક્ષણ દળોએ 309 ડ્રોનને અટકાવ્યા હતા, પરંતુ મિસાઇલો અને 13 ડ્રોન નવ સ્થળોએ ત્રાટક્યા હતા.